
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૭ | ૭ જુન, ૨૦૧૯, શુક્રવાર; જયેષ્ઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રેપો અને રિવર્સ રેપોરેટમાં ઘટાડો

**પર્સનલ, હોમ અને કાર લોન લેનારને ફાયદો : આરબીઆઈની એમપીસીની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો કરાયા : નાણાંકીય વર્ષની બીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં રિવર્સ રેપોરેટને ઘટાડીને ૫.૫૦ તેમજ રેપોરેટ ઘટાડીને ૫.૭૫ ટકા : સીઆરઆર યથાવત**



નવી દિલ્હી,તા. ૬

ભારતીય રિઝર્વ બેંકે આજે નાણાંકીય વર્ષની તેની બીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકના પરિણામ જાહેર કર્યા હતા. ધારણા પ્રમાણે જ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે જ રેપોરેટ ૬ ટકાથી ઘટીને હવે ૫.૭૫ ટકા થઈ ગયો છે. આવી જ રીતે રિવર્સ રેપો રેટ ૫.૭૫ ટકાથી ઘટીને હવે ૫.૫૦ ટકા થઈ ગયો છે. સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આરબીઆઈએ સામાન્ય લોકોને મોટી રાહત આપી છે. જેથી તમામ પ્રકારની હોમ અને અન્ય લોન સસ્તી થશે. આરબીઆઈએ સામાન્ય લોકો અને કંપનીઓને મોટી રાહત આપી દીધી છે. સતત ત્રીજી વખત રિઝર્વ બેંક દ્વારા રેપોરેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૧૬માં આની રચના કરવામાં આવ્યા બાદ મોનિટરી પોલિસી દ્વારા ત્રીજી વખત વ્યાજદરમાં ઘટાડો કરાયો છે. છેલ્લી એપ્રિલની પોલિસી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરીને ૬ ટકા કરાયો હતો. એનપીસીએ ૨૫ બેઝિક પોઈન્ટનો રેટમાં ઘટાડો કરવા બહુમતિથી નિર્ણય નિર્ણય લીધો હતો. રિવર્સ રેપોરેટમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ આ દર ૫.૫૦ ટકા થયો છે. આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ દ્વારા આજે તેના પરિણામ ત્રણ દિવસની બેઠક બાદ જાહેર કર્યા હતા. મોનિટરી પોલિસી કમિટિએ રેટમાં કાપની તરફેણમાં બહુમતિથી નિર્ણય આપ્યો હતો. રિઝર્વ બેંક દર ત્રણ મહિનામાં આર્થિક નીતિઓની સમીક્ષા કરે છે. આ ગાળા દરમિયાન વ્યાજદરો અથવા તો પોલિસી રેટ ઘટાડવા અથવા વધારવાના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવે છે. આ જાહેરાતની સાથે અમે વારંવાર રિવર્સ રેપોરેટ, રેપોરેટ, સીઆરઆર, એસએલઆર જેવા શબ્દો સાંભળીએ છીએ. બેંકોને પોતાના દરરોજના કામકાજ માટે એવી મોટી રકમની જરૂર હોય છે જેની અવધિ એક દિવસથી વધારેની હોતી નથી.

● અનુસંધાન પાન-૭ પર

## તેલંગાણામાં કોંગ્રેસના ૧૨ ધારાસભ્યો ટીઆરએસમાં જોડાશે

**વિધાનસભા અધ્યક્ષને પત્ર લખી જાણ કરી : પંજાબ બાદ તેલંગાણામાં હવે કોંગ્રેસ પક્ષને મરણતોળ ફટકો પડી શકે**



હૈદરાબાદ, તા. ૬

પંજાબમાં પોતાના બે મોટા નેતાઓ અમરિન્દરસિંહ અને નવજોતસિદ્ધૂની પારસ્પરિક લડાઈથી પરેશાન કોંગ્રેસ પાર્ટીને વધુ એક મોટો ફટકો પડ્યો છે. પાર્ટીને આ ફટકો તેલંગાણામાં લાગ્યો છે જ્યાં તેના ૧૮માંથી ૧૨ ધારાસભ્યોએ સત્તારુઢ ટીઆરએસમાં સામેલ થવાની તૈયારી કરી લીધી છે.

આ ૧૨ ધારાસભ્યોએ વિધાનસભાના અધ્યક્ષને પાર્ટી બદલી દેવા માટેની માહિતી આપી દીધી છે. કોંગ્રેસના બે તૃતિયાંશ ધારાસભ્યો અન્ય પાર્ટીમાં જવાના લીધે તેમની મેમ્બરશીપ જશે નહીં. કારણ કે, બે તૃતિયાંશ સભ્યો બીજી પાર્ટીમાં જવાની સ્થિતિમાં પાર્ટી બદલવા સાથે સંબંધિત કાનૂન લાગૂ થશે નહીં. તેલંગાણા વિધાનસભા ચૂંટણીમાં ટીઆરએસને ૧૧૯ પૈકીની ૮૮ સીટો મળી છે અને પોતાની બહુમતિ સાથે સરકાર બનાવી છે. અહીં કોંગ્રેસને માત્ર ૧૮ સીટો મળી છે. ચૂંટણી બાદથી જ કોંગ્રેસની સ્થિતિ ખુબ ખરાબ દેખાઈ રહી હતી. કોંગ્રેસના અનેક ધારાસભ્યો હજુ પણ પાર્ટીમાં નેતૃત્વને લઈને નારાજ છે. ટૂંક સમયમાં જ કેટલાક ધારાસભ્યો ટીઆરએસમાં સામેલ થઈ શકે છે.

# શાંઘાઈ બેઠકમાં ઈમરાન-મોદી વચ્ચે મંત્રણા નહીં

**અટકળોનો અંત : મોદી ૧૩-૧૪મી જૂનના દિવસે કિર્ગીસ્તાનના પાટનગર બિશ્કેકમાં શાંઘાઇ સહકાર સંગઠન બેઠકમાં હાજર રહેશે**

નવી દિલ્હી, તા. ૬

વિદેશમંત્રાલય દ્વારા આજે સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, એસસીઓની શિખર બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન એકબીજાને મળશે નહીં. તેમના મળવા માટેનો કોઈપણ કાર્યક્રમ નથી. હકીકતમાં પાકિસ્તાનના વિદેશ સચિવ સોહેલ મહેમુદના ભારત પ્રવાસ બાદ અટકળોનો દોર શરૂ થયો હતો. એવી અટકળો ચાલી રહી હતી કે, એસસીઓની બેઠકમાં બંને દેશોના વડાપ્રધાન મળી શકે છે પરંતુ વિદેશ મંત્રાલય દ્વારા આ અંગેના અહેવાલોને હવે રદિયો આપી દીધો છે. આ મહિને ૧૩ અને ૧૪મી જૂનના દિવસે કિર્ગીસ્તાનના પાટનગર બિશ્કેકમાં શાંઘાઈ સહકાર સંગઠન (એસસીઓ)ની બેઠક થવા જઈ રહી છે જેમાં મોદી ભાગ લેશે. આ પહેલા મોદી પોતાની બીજી અવધિમાં પ્રથમ વિદેશ યાત્રાને લઈને ૮મી અને ૯મી જૂનના દિવસે શ્રીલંકા અને માલદિવ જશે. બિશ્કેકમાં મોદી અને ઈમરાન વચ્ચે બેઠકને લઈને કોઈ કાર્યક્રમ નથી. પાકિસ્તાનના વિદેશ સચિવના ભારત પ્રવાસ અંગે તેમણે કહ્યું હતું કે, આ વ્યક્તિગત પ્રવાસ હતો. તેમની સાથે કોઈ બેઠક થઈ નથી. પાકિસ્તાની વિદેશ સચિવ સોહેલ મહેમુદ બુધવારના દિવસે દિલ્હીની જામા મસ્જિદમાં નમાઝ અદા કરતા નજરે પડ્યા હતા. તેઓએ પોતે પણ આ યાત્રાને ખાનગી ગણાવી ચુક્યા છે. રવિશ કુમારે કરતારપુર કોરિડોરના સંદર્ભમાં વાત કરતા કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### વિપ્રોના ચેરમેન અજીમ પ્રેમજી રીટાયર

દેશના સૌથી મોટા દાનવીર અને આઈટી ક્ષેત્રના દિગ્ગજ અજીમ પ્રેમજી વિપ્રોના કાર્યકારી ચેરમેનપદેથી ૩૦ જુલાઈના રોજ સેવા નિવૃત થશે. કંપનીએ ગુરૂવારે જાહેરાત કરી છે કે અજીમ પ્રમજી સંસ્થાપક ચેરમેનરૂપે નિદેશક મંડળમાં રહેશે. તેઓએ કંપનીમાં પોતાની ૩૪ ટકા હિસ્સેદારી દાનમાં આપી દીધી છે.

### કેજરીવાલ સરકાર વરિષ્ઠ નાગરિકોને તીર્થાટન કરાવશે

વિધાનસભા ચૂંટણી પહેલા મહિલાઓ માટે મેટ્રો અને ડીટીસી બસોમાં મફત મુસાફરીના એલાન બાદ કેજરીવાલ સરકારે વરિષ્ઠ નાગરિકો માટે વિશેષ જાહેરાત કરી છે. મુખ્યમંત્રી તીર્થયાત્રા યોજના હેઠળ ૭૭ હજાર વરિષ્ઠ નાગરિકોને મફતમાં તીર્થાટન કરાવાશે.

### પ્રિયંકા ગાંધી હારની સમીક્ષા કરશે

લોકસભા ચૂંટણીમાં કારમી હાર બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને પૂર્વી ઉત્તરપ્રદેશના પ્રભારી પ્રિયંકા ગાંધી વાડરા ૭ જૂનના રોજ પ્રયાગરાજમાં હારની સમીક્ષા કરશે. આ સમીક્ષા બેઠકમાં પૂર્વી ઉત્તરપ્રદેશમાંથી ચૂંટણી લડનાર તમામ ૪૦ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા છે.

### મોદી-જીનપીંગ આગામી અઠવાડિયે મળશે

લોકસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં જોરશોરથી ભાગ લેવાનુ શરૂ કરી દીધુ છે. આગામી અઠવાડિયે યોજાનાર એસસીઓ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચીનના પ્રમુખ જીનપીંગને મળશે અને ભારત-ચીનના સંબંધો અંગે ગહન ચર્ચા વિચારણા કરશે.

# ખાતરની સબસિડી સીધી જ ખેડૂતના ખાતામાં જમા કરાશે

**બે ચરણમાં યોજનાને અમલી કરાશે : ક્યારે અને કઈરીતે અમલી કરાશે તે અંગે ટુંક સમયમાં મોટી જાહેરાત કરાશે**

નવી દિલ્હી, તા. ૬

સરકાર ડીબીટી યોજનાના બીજા તબક્કા હેઠળ ખેડૂતોને ખાતર સબસિડી પણ હવે તેમના ખાતામાં સીધીરીતે જમા કરવાની તૈયારી કરી લીધી છે. ખાતર મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. ઓક્ટોબર ૨૦૧૭માં ખાતર ડીબીટીના પ્રથમ તબક્કાની શરૂઆત કરવામાં આવી હતી જે હેઠળ પોઈન્ટ ઓફ સેલ મશીન મારફતે નોંધાયેલા રિટેલ વેચાણના આંકડાની તપાસ કરવામાં આવ્યા બાદ કંપનીઓને સીધીરીતે સબસિડી ટ્રાન્સફર કરવામાં આવી રહી છે. ડીબીટીના બીજા તબક્કામાં નીતિ આયોગે સલાહ સૂચન મેળવી લીધા બાદ સબસિડીની રકમ સીધીરીતે ખેડૂતોના બેંક ખાતામાં મુકવાનું કામ કરવામાં આવનાર હતું. સરકાર ખેડૂતોને સસ્તા પ્રમાણમાં કૃષિ પોષણ ચીજવસ્તુ આપવા માટે ખાધ સબસિડીના રુપમાં વાર્ષિક ૭૦૦૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમ ઉપાડે છે. અધિકારીઓના કહેવા મુજબ હવે સીધીરીતે ખેડૂતોના બેંક ખાતામાં ખાતર સબસિડીની રકમ આપવાની પણ તૈયારી ચાલી રહી છે. બે તબક્કામાં અમલીકરણ માટે કામગીરી ચાલી રહી છે. આને કઈરીતે અને ક્યારે લાગૂ કરવામાં આવશે તેને લઈને ખુબ મહત્વપૂર્ણ ચર્ચા ચાલી રહી છે. સરકાર રિટેલ વેચાણકારોને રાહત આપવા માટે પીઓએસ મશીનની સાથે સાથે ડેસ્કટોપ અને લેપટોપનો ઉપયોગ કરવાની મંજુરી આપીને ડીબીટીમાં સુધારા લાવવાની યોજના ધરાવે છે. હવે ડીબીટી પ્લેટફોર્મ પીઓએસ મશીન ઉપર આધારિત છે. હવે ડેસ્કટોપ અને લેપટોપની સાથે સરકાર આવી રહી છે. પીઓએસ મશીનમાં નાના સ્ક્રીન હોય છે. રિટેલ વેચાણકારોને ક્યારેક સમસ્યાઓ પણ પડે છે. પીઓએસ ઉપરાંત છુટક વેચાણકારોની પાસે ડેસ્કટોપ અથવા લેપટોપ હોઈ શકે છે. દેશમાં ૨.૨૫ લાખ ખાતરના રિટેલ વેચાણકારો છે. જો કે, પીઓએસ મશીનને દૂર કરવામાં આવશે નહીં.

## કેરળમાં નિપાહ વાયરસના વધુ બે દર્દીઓ

કોચી,તા. ૬

કેરળમાં નિપાહ વાયરસના વધુ બે દર્દીઓ સપાટી પર આવતા ખળભળાટ મચી ગયો છે. નિપાહ વાયરસના વધુ બે દર્દીઓના રિપોર્ટને સમર્થન મળ્યા બાદ અન્ય તમામ દર્દીઓથી તેમને અલગ કરી દેવામાં આવ્યા છે. અલગ વોર્ડમાં તેમને શિફ્ટ કરી દેવામાં આવ્યા છે. કેરળમાં વધુ બે દર્દીઓ સપાટી પર આવ્યા બાદ કુલ શંકાસ્પદ દર્દીઓની સંખ્યા વધીને સાત થઈ ગઈ છે. એર્નાકુલમમાં એક ૨૩ વર્ષીય વિદ્યાર્થી વાયરસના સકંજામાં આવી ગયો છે. તમામ દર્દીઓને એર્નાકુલમની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામના સેમ્પલ ચકાસણી માટે મોકલી દેવામાં આવ્યા છે. સરકારે કહ્યું છે કે, જુદા જુદા જિલ્લાના ૩૧૧ લોકો ઉપર નજર રાખવામાં આવી રહી છે. આ વિદ્યાર્થી આ ૩૧૧ લોકોના સંપર્કમાં આવ્યો હતો. કેરળના આરોગ્ય મંત્રી કેકે શેલજાએ કહ્યું છે કે, પૂણે સ્થિત સંસ્થા એનઆઈવીમાં વિદ્યાર્થીના લોહીના નમૂનાની ચકાસણી કરવામાં આવી રહી છે. તપાસના રિપોર્ટ આવી ગયા છે. આ પહેલા પણ રિપોર્ટના નમૂના લેવામાં આવ્યા હતા. સરકારે કહ્યું છે કે, જે ત્રણ ચાર લોકોએ વિદ્યાર્થીની સારવાર કરી હત તેમની પણ તપાસ ચાલી રહી છે. કુલ ૩૧૧ લોકોની યાદી તૈયાર કરવામાં આવી છે. જે ૩૧૪ લોકોને બાજ નજર હેઠળ રાખવામાં આવી રહ્યા છે તે પૈકી ત્રણને હાઈ રિસ્ક કેટેગરીમાં પણ રાખવામાં આવ્યા છે.

# પૂર્વ ઉત્તરપ્રદેશમાં વાવાઝોડા સાથે ભારે પવન ફુંકાવાની આગાહી

ન્યુ દિલ્હી,તા.૬

સમગ્ર દેશ હાલમાં ભારે ગરમીનો સામનો કરી રહ્યો છે. ઉત્તર ભારતના કેટલાક ભાગમાં તાપમાન ૫૦ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું છે. ત્યારે ચોમાસાની રાહ જોતા લોકોને વધારે રાહ જોવી પડી શકે છે. આ બધા વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગુરૂવારે હવામાન વિભાગ દ્વારા દેશના કેટલાક ભાગમાં ભારે વાવાઝોડું આવવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પંજાબ, ચંડીગઢ, હરિયાણા, દિલ્હી અને પૂર્વ ઉત્તર પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં વાવાઝોડો સાથે ભારે પવન ફૂંકાઈ શકે છે. તે દરમિયાન પવનની ગતી ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની હોઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ ભીષણ ગરમી અને સૂર્યના તેજ કિરણોથી આ વિસ્તારના લોકોને મોટી રાહત મળી શકે છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ

● અનુસંધાન પાન-૭ પર

# પ્રધાનમંત્રી મોદી આવતીકાલથી માલદિવ અને શ્રીલંકાના પ્રવાસે

**બીજી અવધિમાં મોદીની પ્રથમ વિદેશ યાત્રા : બંને દેશોના પ્રમુખોના આમંત્રણ ઉપર મોદી આઠમી અને નવમી જૂનના દિવસે માલદિવ તેમજ શ્રીલંકામાં પહોંચશે**

નવી દિલ્હી, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮મી અને નવમી જૂનના દિવસે માલદિવ અને શ્રીલંકાની યાત્રાએ જઈ રહ્યા છે. વડાપ્રધાન તરીકે તેમની બીજી અવધિ શરૂ કર્યા બાદ આ તેમની પ્રથમ વિદેશ યાત્રા રહેશે. મોદી ૮મી જૂનના દિવસે માલદિવના સંસદને પણ સંબોધન કરશે. મોદીના વિદેશ પ્રવાસને લઈને છેલ્લા કેટલાક સમયથી અટકળો ચાલીરહી હતી. હવે વિદેશ મંત્રાલય દ્વારા આ અંગેની જાહેરાત કરી દેવામાં આવી છે. વિદેશ સચિવ વિજય ગોખલે દ્વારા પત્રકાર પરિષદ યોજીને કહેવામાં આવ્યું છે કે, મોદી ૮મી અને નવમી જૂનના દિવસે માલદિવ અને શ્રીલંકાની યાત્રાએ જશે. ૮મી જૂનના દિવસે માલદિવના સંસદને પણ સંબોધશે. આ પહેલા વિદેશ મંત્રાલય દ્વારા એવી માહિતી આપવામાં આવી હતી કે મોદી માલદિવની આ યાત્રા દરમિયાન પોતાના દ્વિપક્ષીય સંબંધો તથા પારસ્પરિક હિતો સાથે જોડાયેલા મુદ્દા પર વાતચીત કરશે. મોદી પ્રમુખ ઈબ્રાહીમ મોહમ્મદના નિમંત્રણ ઉપર માલદિવ જઈ રહ્યા છે. આ યાત્રા ભારત અને માલદિવ વચ્ચે ઉચ્ચ સ્તર પર આદાન પ્રદાનની મજબૂત નીતિને દર્શાવે છે. મોદીની માલદિવ યાત્રા દરમિયાન બંને દેશો દ્વારા દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિમાં ચર્ચા વિચારણા કરશે. અત્રે નોંધનીય છે કે, માલદિવના પ્રમુખ ઈબ્રાહિમ મોહમ્મદ ડિસેમ્બર ૨૦૧૮માં ભારતના પ્રવાસે આવ્યા હતા. મોદી શ્રીલંકાના પ્રમુખ નેત્રીપાલાના નિમંત્રણ ઉપર શ્રીલંકા પહોંચી રહ્યા છે. માલદિવ અને શ્રીલંકાની મોદીની આ યાત્રા

● અનુસંધાન પાન-૭ પર

